# Kamdhenu University

*Our Motto: Welfare of all living beings*

(Established by Government of Gujarat vide Gujarat Act No.9 of 2009)

No. KU/Reg/U-1/Adm/6139 /2020 Date: 28.12.2020
29

TO WHOM SO EVER IT MAY CONCERN

This is certify that, Bharatiya Polytechnic in Animal Husbandry which is managed by Shri Surat Panjarapol, Opp. Children Traffic Training Park, Ghod-Dod Road, Surat-395007 is provisionally affiliated to Kamdhenu University to run Diploma In Animal Husbandry course for the academic year 2020-21 vide office order No.KU/REG/U-1/ACAD/T-5/JODAN RENEW/ 2043-49/2020, dated 20/08/2020

Registrar

Address : Karmayogibhavan,Block-1,Wing-B1,4th Floor, Room No.415, Sector-10-A, Gandhinagar-382010.
Ph.079-23220713, Email: registrar@ku-guj.com

# કામધેનુ યુનિવર્સિટી

અમારું ધ્યેય: સર્વ જીવોનું કલ્યાણ

(ગુજરાત સરકાર દ્વારા સને ૨૦૦૯ના ગુજરાત અધિનિયમ ૯ હેઠળ પ્રસ્થાપિત)

739
24.8.20

જા.નં. કા.યુ/રજી./યુ-૧/એકેડ/ટે-૫/જોડાણ રીન્યુ/ 2043-45 /૨૦૨૦ તા.૧૭/૦૮/૨૦૨૦ 20

પ્રતિ,

**RPAD/E-mail**

મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,
શ્રી સુરત પાંજરાપોળ,
ચીલ્ડ્રન ટ્રાફીક ટ્રેનિંગ પાર્ક સામે,
ઘોડદોડ રોડ, સુરત - ૩૯૫૦૦૭

વિષય :- ડિપ્લોમા ઇન એનિમલ હસબન્ડરી અભ્યાસક્રમના શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે આપવામાં આવેલા કામચલાઉ જોડાણના રીન્યુઅલ બાબત.

સંદર્ભ :- ૧. આપશ્રીનો પત્ર ક્રમાંક – Panj./2020-21/559, તા.૦૨/૦૬/૨૦૨૦
૨. આપશ્રી દ્વારા તા.૦૧/૦૬/૨૦૨૦ના રોજનો મોકલી આપેલ બાંહેધરી પત્ર
૩. આપશ્રી દ્વારા ગુગલ ડ્રાઈવમાં અપલોડ કરેલ ડોક્યુમેન્ટ, તા.૦૨/૦૬/૨૦૨૦
૪. કામધેનુ યુનિવર્સિટીના નિયામક મંડળની તા.૦૬/૦૭/૨૦૨૦ના રોજ મળેલી ૧૬મી બેઠકની કાર્યવાહી નોંધના મુદ્દા ક્રમાંક-૧૬.૧૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, કામધેનુ યુનિવર્સિટી દ્વારા આપની સંસ્થાને ડિપ્લોમા ઇન એનિમલ હસબન્ડરી અભ્યાસક્રમ ચલાવવા માટે કામચલાઉ ધોરણે જોડાણ આપવામાં આવેલ છે. જે અન્વયે *"REGULATIONS FOR AFFILIATION OF POLYTECHNIC IN ANIMAL HUSBANDRY TO KAMDHENU UNIVERSITY, 2019"* ના નિયમો અનુસાર આપની સંસ્થાએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે ઉપરોક્ત સંદર્ભ દર્શિત પત્ર ક્રમાંક-૧ થી અરજી કરવામાં આવેલ છે, જે અન્વયે કામધેનુ યુનિવર્સિટીની નિયમોનુસારની સ્ક્રુટીની કમિટિ દ્વારા સ્ક્રુટીની હાથ ધરવામાં આવેલ છે, ત્યારબાદ નિયમોનુસાર ઈન્સ્પેક્શન હાથ ધરવાનું થાય છે. પરંતુ વર્તમાન સમયમાં કોવિડ-૧૯ અંતર્ગત વૈશ્વિક ફેલાયેલી મહામારીને ધ્યાનમાં રાખી ઈન્સ્પેક્શન જ્યાં સુધી સરકારશ્રીની શૈક્ષણિક સંસ્થાનો ખોલવા અંગે માર્ગદર્શિકા પ્રસિદ્ધ ન થાય ત્યાં સુધી મૂલતવી રાખવામાં આવેલ છે, જે ધ્યાને લઈ ઉપરોક્ત સંદર્ભ ક્રમાંક-૨ થી યુનિવર્સિટી દ્વારા પત્રમાં દર્શાવ્યા મુજબ આપની સંસ્થા ખાતે ઉપલબ્ધ માળખાકીય સુવિધાઓ, લેબોરેટરી, પશુ દવાખાનું, ઈન્સ્ટ્રક્શનલ ફાર્મ, બિલ્ડીંગ, સ્ટાફ તથા અન્ય નિયમોનુસારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અંગે સ્ટેમ્પ પેપર ઉપર બાંહેધરી તેમજ સંસ્થા ખાતે હાલની સ્થિતીએ ઉપલબ્ધ સાધનો, સુવિધાના ફોટોગ્રાફ્સ, વિડિયો પણ મંગાવવામાં આવેલ છે જે ઉપરોક્ત સંદર્ભ ક્રમાંક-૩ થી આપના દ્વારા મોકલી આપવામાં આવેલ છે.

આમ ઉપરોક્ત વિગતોને ધ્યાને લઈ આપની સંસ્થાની શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ના પોલીટેકનીક ઇન એનિમલ હસબન્ડરીના કામચલાઉ જોડાણની બાબત વિદ્યા પરીષદની ભલામણ થકી નિયામક મંડળની ૧૬મી બેઠકમાં મુદ્દા ક્રમાંક-૧૬.૧૦ થી રજૂ કરવામાં આવેલ હતી જે અન્વયે નિયામક મંડળે

શ્રી સુરત પાંજરાપોળને પોલીટેકનીક ઇન એનિમલ હસબન્ડરી અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે આપવામાં આવેલુ કામચલાઉ જોડાણ નીચે દર્શાવેલ શરતોને આધિન કામચલાઉ ધોરણે મંજૂર કરવામાં આવે છે.

૧) સંસ્થાએ *"REGULATIONS FOR AFFILIATION OF POLYTECHNIC IN ANIMAL HUSBANDRY TO KAMDHENU UNIVERSITY, 2019"* ના નિયમો અનુસાર તમામ આવશ્યક સુવિધાઓ તથા માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની રહેશે.

૨) યુનિવર્સિટી દ્વારા સંભવતઃ આગામી ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૦ના સમયગાળા દરમ્યાન ઈન્સ્પેક્શન હાથ ધરવામાં આવશે ત્યારબાદ સદર બાબત વિદ્યા પરીષદની ભલામણથી નિયામક મંડળમાં રજૂ કરવામાં આવશે.

૩) આપની સંસ્થા દ્વારા અત્રે રજૂ કરવામાં આવેલી અરજીમાંની વિગતો ફોટોગ્રાફ, વિડિયોને ઈન્સ્પેક્શન સમયે ચકાસણી કરવાની શરતે સદર કામચલાઉ જોડાણ રીન્યુ કરવામાં આવેલ છે.

૪) નિયામક મંડળ દ્વારા આપના દ્વારા આપવામાં આવેલી બાંહેધરીની વિગતો ધ્યાનમાં રાખી સદર કામચલાઉ જોડાણ મંજૂર કરવામાં આવેલ છે. સંસ્થાને આ સંદર્ભે યુનિવર્સિટી દ્વારા જે કોઈપણ નિર્ણય કરવામાં આવશે તે સંસ્થાને બંધનકર્તા રહેશે.

૫) સદર સંસ્થાને શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ના કામચલાઉ જોડાણના રીન્યુઅલ માટેના કાર્યાલય આદેશમાં દર્શાવેલ ક્ષતિઓની પૂર્તતા ઈન્સ્પેક્શન કમિટિને બિનચૂક કરવાની રહેશે અને કરેલ પૂર્તતાની નકલ સત્વરે યુનિવર્સિટીને મોકલવા જણાવવામાં આવે છે.

આમ ઉપરોક્ત વિગતોને ધ્યાને લઈ આપની સંસ્થાનું શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટેનું કામચલાઉ જોડાણ અત્રે પત્રમાં દર્શાવેલ શરતોને આધીન મંજૂર કરવામાં આવે છે તથા શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટેની પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત સામેલ કરવામાં આવે છે જે વિદિત થવા વિનંતી.

કુલસચિવ

**નકલ સવિનય રવાના જાણ સારું**

(૧) ઉપસચિવશ્રી (પશુપાલન), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) તમામ અધિકારીશ્રી, કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર.

(૩) ડીનશ્રી, વેટરનરી સાયન્સ ફેકલ્ટી, કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર.

(૪) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર.

(૫) કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર.

(૬) આચાર્યશ્રી, ભરતીઆ પોલીટેકનીક ઇન એનિમલ હસબન્ડરી, સુરત.

(૭) સીલેક્ટ ફાઈલ.

કર્મયોગી ભવન, બ્લોક નં.-૧, ચોથો માળ, રૂમ નં.-૪૧૫, કામધેનુ યુનિવર્સિટી, સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦. ફોન નં.-૦૭૯-૨૩૨૨૦૭૧૩
Email :- registrar@ku-guj.com